Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous issue-16 | August – September 2016

# ઉત્તર ગુજરાતના લોકગીતોનું સંપાદન

**પ્રસ્તાવનાઃ-**

ગુજરાત રાજ્યના ઉત્તરે આવેલા ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા એમ પાંચ જીલ્લાઓનો વિસ્તાર ઉત્તર ગુજરાત તરીકે જાણીતો છે. જેને લોક પંરપરાગત બોલીમાં જતવાડ, નળકાંઠો, ચુવાડ, દંઢાય, વઢીયાર, ડીસાવર, હીંદવાણી, થરાદરી, મેવાસ, જાટવાડ, રાધનપુરી, પાટણવાડો, ધાંધાર, વાગડ, અને વાલમ જેવા વિવિધ નામોથી પ્રદેશીકતા અનુસાર ઓળખવામાં આવે છે.

ઉત્તર ગુજરાત વિસ્તાર વેદ પ્રસિધ્ધ આનર્ત પ્રદેશ તરીકે પણ જાણીતો છે. એક સમયે આ વિસ્તાર મોર્ય અને ગુપ્ત સામજ્યનો ભાગ હતો. સોલંકી યુગમાં મારવાડ, મેવાડએ ઉત્તર ગુજરાત નો એક ભાગ હતો. બ્રિટીસરોના બોમ્બે પ્રોવિન્સનો ઉત્તર ભાગ છેક સિંધ, ઓમાન, કુવૈત જેવા આરબ દેશો સુધી ફેલાયેલો હતો.

ચોથી પાંચમી સદીમાં અહી ગુર્જરો આવ્યા આઠમી સદીમાં સૌરાષ્ટ્રમાં વલ્લભીનું પતન થયુ જેથી આરબોનો પ્રભાવ વધતા જૈનો પણ મોટી સંખ્યામાં આ વિસ્તારમાં આવી વસ્યા. બારમી સદીમાં ઉત્તર ભારતમાંથી એક હજાર વૈદીક બ્રાહ્મણ કુટુંબોને નિમંત્રીને મૂળરાજે વસાવેલા. તે ઉપરાંત કડવા, લેઉવા પાટીદારો, આંજણા, ચૌધરીઓ, ઠાકોર, રાજપુતો, મુસલમાનો, હરીજનો, તુરી, ભરથરી, નાયક, બારોટ અને વાણીયા જેવી જાતીઓનો વસવાટ હતો.

માતૃપુજા તેમજ શક્તિપુજાની આગવી પરંપરા તો અહીયાં હતીજ. મુર્તિપુજાની સાથે સાથે યંત્રો તંત્રોની પુજા પણ થતી હતી. બહુચરાજી અને અંબાજી મંદિરોમાં આજેપણ યંત્રોની પુજા થાય છે. તો વળી ઉત્તર ગુજરાતમાં શૈવ પુજાના સંસ્કારો છેક જાવા, કંબોળીયા સુધી પહેલી બીજી સદીમાં ફેલાયા હતા.

ઉત્તર ગુજરાતની લોકભાષા માન્ય,તળપદી અને આદીવાસી ભીલી એમ ત્રિવીધ છે. સમસ્ત ભારતમાં આ એકજ એવો પ્રદેશ છે, કે જ્યાં બારમી સદીથી આજની બોલાતી ભાષા સુધીના બે છેડાના બે માતબર અભ્યાસો મળ્યા હોય. એક હેમચંદ્રાચાર્યનો અને બીજો ડો. શાન્તીભાઇ આચાર્યનો. બંને એ ભાષા અભ્યાસ માટે સાહિત્યને નહી પણ લોકવાડ્મયને આરાધ્યુ છે.

ભાષાની દષ્ટ્રીએ તો ઉત્તર ગુજરાત સહુ ગુજરાતી ભાષીઓનું મોટુ તિર્થસ્થાન છે. ઉમાશંકર જોષી કહે છે. તેમ આપણી ભાષાનું પારણું અહીજ બંધાયુ હતું.

**ઉત્તર ગુજરાત અને લોકગીત સંશોધન-સંપાદનઃ-**

ઉત્તર ગુજરાતના ભીલી ગીતોને ઝળુકે ઝળુકે તો છેક વેદ વાણીના દર્શન થાય છે. ગીત કથાઓ દ્વારા ભીલી અનુષ્ઠાનો સંદર્ભે ડો. ભગવાનદાસે લાકાખ્યાનો દ્વારા તેમજ ડો. અમૃત પટેલે લોક ધર્મના ગીતો, આખ્યાનોની સારી એવી માહીતી તેમના વિવિધ સંપાદિત સાહિત્યમાં પુરી પાડી છે.

આ પ્રદેશના લોકગીતો અહીના લોકો જેટલા પ્રાચીન છે, જ્યારથી લોકો કલ્પના કરતા થયા કે વિચારતા થયા ત્યારથી લોકગીતો ફુલોની જેમ પાંગર્યા છે. આવા લોકગીતોનું સંપાદન, સંશોધન ખુબજ મોડેથી થયું. ૧૮૫૭ના વિપ્લવ બાદ કેટલાક વિદેશીઓ લોકવિધ્યાના રસીકો હોઇ એમણે એશીયાટીક સોસાયટી જેવા મંડળો સ્થાપ્યા. સામાયિકો પ્રકાશિત

કર્યા. સ્થાનિક શ્રેષ્ઠિઓનો સહયોગ મેળવ્યો અને આપણી વિવિધ લોક કલાવિધ્યા એકત્રીત કરવા લાગ્યા. જેમાં ફોબર્સ દલપતરામની યુતિ નિર્ણાયક બની.

નુતન કેળવણી પામેલા વિચારશીલ સ્વદેશી પ્રેમી માણસો પોતાના મુળની શોધ કરવા લાગ્યા. ગાંધીજીએ પણ આ દિશામાં ઝુકાવ્યુ અને ગુજરાત વિધ્યાપીઠની સ્થાપના કરી. ઉપેક્ષિતો પ્રત્યે સહાનુભુતિનો ભાવ પ્રગટ થયો. મેઘાણીએ લોકસાહિત્ય માટે રીતસરની ફકીરી ધારણ કરી. આપણને રાજકીય સ્વાતંત્ર્ય મળ્યું. મુંબઇ રાજ્યે ગુજરાત લોકસાહિત્ય સમિતિની રચના કરી. સૌરાષ્ટ્ર અને ગુજરાત યુનિવર્સિટીએ અભ્યાસ ક્રમમાં લોકસાહિત્યને સ્થાન આપ્યું. ગુજરાત સાહિત્ય અકાદમીની રચના થઇ અને હાલ ઝવેચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર સ્થાપાયુ. આમ આવા બધા કરાણો તથા જોગ-સંજોગો મળતા લોકસાહિત્યના સંશોધન અને સંપાદનને વેગ મળ્યો હતો.

**ગીતના મુખ્ય પ્રકારોઃ-**

ગીતના મુખ્ય ત્રણ પ્રકારો તેના ભાવ, વર્ણન, વિષયવસ્તુ તેમજ રાગ ઢાળના આધારે પાડ્યા છે. (૧) ભુમિ, પ્રકૃતિગીતો (૨) માનવ સબંધો કે સામાજીક વહેવારના ગીતો (૩) ધર્મ કે સાંસ્કૃતિક રીવાજોને આધારિત ગીતો. કે જેમાં સંગીત ભળતાં તે વધુ લોકપ્રિય બન્યા. લોક હૈયે વસ્યા તો કેટલાક કંઠસ્થ થતા પ્રસંગોચીત ગવાવા લાગ્યા.જેમ કે વરસાદના ટીંપાનું સામુદાયિક ગાન જેવું શીળું, સાતાદાયક, પ્રફુલ્લતા પ્રેરક ગાન હોય છે. ડો.અમૃત પટેલનું દ્રષ્ટાંત રૂપે આલેખાયેલું ગીત

“વલ્લાનું પાંદુ ચટાચટ બોલે
આકડાનું પાંદુ બોબળુ બોલે”

**હેમચંદ્રાચાર્યનું લોકગીત ક્ષેત્રે પ્રદાનઃ-**

હેમચંદ્રાચાર્યે ભાત ભાતના ૧૩૦ જેટલા દુહાઓ આપેલા છે. તેમજ સુક્તિઓ, કહેવતો, ઉખાણાં જેવા સુભાષિતો આપેલા છે.

ત્રિશષ્ટિશલાકાપુરૂષ ચરિત્રમાં સંસ્કૃત પધમાં લગ્નગીતો રચેલાં છે. જેમકે

“કોરી ગાગરડીમાં સોપારીનો કટકો”...

આવા આજે ગવાતા આઠસો વર્ષથી જુના લગ્નગીતો આજે અર્વાચીન થઇ ગયા છે. તદઉપરાંત ૧૨૫ જેટલા દોહાઓનું સંપાદન પણ થયેલું છે. જેમાં ઉકિતઓ, ઉખાણા, કે સુભાષિતોનો પણ સમાવેશ કરેલો છે. એ દષ્ટિએ લોકગીત સંગ્રાહક તરીકે હેમચંદ્રાચાર્યનું નામ પ્રથમ લેવું પડે તે આપણા આદિ પૂર્વજ.

**મહિપતરામ-૧૮૭૬માં વનરાજ ચાવડોઃ-**

અંદાજે દોઢસો વર્ષ પહેલાં તે સમયના ઉત્તર ગુજરાતના લોકજીવન તેમજ સમાજ જીવનને તેમાં આલેખાયું છે. જેમાં જૈનો, બ્રાહ્મણો અને વનવાસીયોના ચરિત્ર્યો આલેખાયેલા છે. જેમ લોકગીત સમાયિક ને કારણે વનરાજ ચાવડો નવલકૃતિ પ્રસિધ થઇ હતી જેના બીજા પ્રકરણના બીજા ખંડમાં હાલરડાં છે.

ચોથા પ્રકરણના બીજા ખંડમાં ભુવાના વર્ણન પછી નાગર જાતીના લગ્નગીતો તેમજ ઇતર કોમના લગ્નગીતો મુક્યા છે. જેમાં ફટાણા તેમજ રન્નાદેના ગીતો પણ છે.

મહિપતરામે તેમના ભવાઇ સંગ્રહમાં ઉત્તર ગુજરાતના લોકગીતો મોટી સંખ્યામાં મૂક્યા છે.

એમણે 'ગુજરીનો રાસડો' પણ આપ્યો છે. જે 'રાસમાળા'માંનો છે. પરંતુ તેની ઘટના ભુમિ ઉત્તર ગુજરાતની છે. જે સમગ્ર ગુજરાતમાં ફેલાયેલો. જે પૂતળીબાઇ કાબરાજીને તેમજ ફાર્બ-દલપતરામ પછી રાસમાળા ના ગુજરાતી અનુવાદક રણછોડભાઇ ઉદયરામને પણ સુરત-અમદાવાદથી મળેલો.

**ઉત્તર ગુજરાતના લોકગીતોનો સંચયઃ-**

આ સંચય સૌથી પહેલાં ૧૯મી સદીના ઉત્તરાધમાં થયો હોવાનું માલુમ પડે છે. ૨૦મી સદીના પૂર્વાધમાં લોકગીત સંશોધન-સંપાદનનું કાર્ય ધીમું હતુ પરંતુ ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં આ કાર્ય કુલ્યુ ફાલ્યુ. જે આજે સંતોષપ્રદ રીતે ચાલે છે.

૧૯મી સદીના મધ્યભાગમાં દલપતરામની સહાયથી એલેકઝાંડર ફોબર્સ ગુજરાતની લોકવિધાની માહિતી સારા પ્રમાણમાં એકત્રીત કરી હતી. ૧૮૫૬માં એણે "રાસમાળા ઓર ધ હિન્દુ એનલ્સ ઓફ ધ પ્રોવિન્સ ઓફ ગુજરાત" ની રચના કરી. શ્રી મેઘાણી એને કંઠસ્થ ગુર્જર સાહિત્યનો પહેલો સુવર્ણ સ્પર્શ કહે છે. જેમાંથી જસમા ઓડણમો રાસડો

"જેસંગ બેઠો ભરી રે સભાય, જાચક આવ્યો જાચવા રે"

પ્રાપ્ત થાય છે. આ છે ઉત્તર ગુજરાતના લોકગીતોનું આરંભબિંદુ.

આ પછી ઉત્તર ગુજરાતના જુદા જુદા વિસ્તારો જુદી જુદી જાતની ભાષાઓ, રીવાજો, માન્યતાઓ, ધર્મોને આધારીત પ્રસંગોચીત કાળક્રમે ગીતો, લોકગીતો, રાસડા, ફટાણા, લગ્નગીતો, મરસીયા વગેરે રચાયા છે. ગવાયા છે. સંશોધાયા છે કે સંપાદિત થયેલા છે. જેની પ્રાપ્ય માહિતી ટુકમાં અત્રે રજુ કરેલ છે.

| સંશોધક સંપાદનનું નામ | તેમની રચનાનો સંદર્ભ અને વિસ્તાર | ગીતોની સંખ્યા |
|---|---|---|
| (૧) બાળાબહેન દિવેટીયા | અમદાવાદના વડનગરા નાગરની સ્ત્રીઓમાં ગવાતાં લોકગીતોનો સંગ્રહ | ૮૩ લોકગીતો મળે છે |
| (૨) રતનસિંહ પરમાર<br>(માર્ગદર્શક કનુભાઇ જાની) | ૧૯૦૦પૂર્વેના નાગરકોમના ગ્રંથસ્થ લગ્નગીતો ઉપર શોધ નિબંધ તૈયાર કરેલ છે. | ૮૩ લોકગીતો<br>૬૭ લગ્નગીતો<br>૧૫૦ કુલ ગીતો |
| (૩) નાથજી મહેશ્વર પાઠક<br>(કલજી પૂનાના સહયોગથી) | ભીલી લોકગીતો એકત્રીત કર્યા હતા ૧૯૧૫માં જે "ભીલોના ગીતો" તરીકે આ લોકગીત સંગ્રહ પ્રગટ થયેલા જે પહેલું વ્યવસ્થિત આદિવાસીઓના લોકગીતોનું સંપાદન હતું | ૬૨ લોકગીતો હતા જે સંપાદક પોતે ગાઇ શકે છે. જેની ટીપ્પણી હર્ષદ ધ્રુવે કરેલી |
| (૪) ગુજરાતી લોકસાહિત્ય સમિતિ. ૧૯૫૬માં ઉમાશંકર જોષીની અધ્યક્ષતામાં જેની સ્થાપના થયેલી. જેમાં પુષ્કર ચંદરવાકર, સુધાબેન દેસાઇ, મંજુલાબેન મજમુદાર, લાલચંદ નિનામા, માધુભાઇ પટેલ આ સમિતિના સભ્યો હતા | ઉત્તર ગુજરાતનો મોટા ભાગનો પ્રાદેશિક વિસ્તાર આ સમિતિના અધ્યયન હેઠળ સંશોધન અને સંપાદનમાં આવરી લેવાયો છે. | -૪૫ જેટલાકુલ લોકસાહિત્ય ના પુસ્તકો લખાયા છે.<br>-કુલ બધામળીને ૪ હજાર જેટલા લોકગીતોનો સંગ્રહ છે. જેમાં ઉત્તર ગુજરાતના લોકગીતોનું સ્થાન અગત્યનું છે. |
| (૫) પુષ્કર ચંદરવાકર | -ઉત્તર ગુજરાત વિસ્તારના લોકગીતો નું ચયન<br>- સાબરકાંઠાના પોશીના પટ્ટાની ડુંગર માળા વિસ્તારના ગીતો<br>- નળકાંઠાના પઢોરના<br>- ઉત્તર ગુજરાતના ઠાકોરોના<br>- હનુમાનજીના ત્રણ રાસડા | - નવો હલકો(૧૯૫૬) ૪૧ જેટલા લોકગીતો અને તેનું રસદર્શન<br>- નળકાંઠાના પઢોરજાતીના ૧૪ લોકગીતો.<br>- તેમજ પુનઃ પ્રકાશનમાં બીજા |

| | | |
|---|---|---|
| | - સીતાની વાડી<br>- ભરથરીનો ભેખ , - મામેરૂ વગેરે વગેરે મળે છે. | સાત લોકગીતો બધા મળી કુલ ૯૨ જેટલા લોકગીતો આપેલા છે. |
| (૬) પુરૂષોત્તમ સોલંકી(૧૯૬૭ થી ૧૯૭૧) | - નળકાંઠો, ચુવાળ, વઢિયાર, દંઢાઇ અને બનાસકાંઠા વિસ્તારના લોકગીતોનો સંચય.<br>- છપ્પનીયા દુકાળનું લોકગીત.<br>-કૈકયીનું દશરથ પાસેનું વરદાન<br>-ભરત-રામની પાદુકાઓ મેળવે છે.<br>-પુનઃ રામનું અયોધ્યા આવવું જેવા વિવિધ પ્રસંગો આલેખતા લોકગીતો સંચય કરેલાં છે. | ૪૨૫ બધા મળી કુલ લોક-ગીતો આપેલા છે. |
| (૭) નિરંજન સરકાર | ઉત્તર ગુજરાતના નળકાંઠા, વઢિયાર, ચુવાળ અને કચ્છ-વાગડ વિસ્તારના સેનમા, લુહારિયા, તુરી, બારોટ, નાડોદા જેવી જાતીઓના વિવિધ પ્રસંગો, રીવાજો ને લગતા લોકગીતો આપ્યા છે. | ૯૦ લોકગીતો સંપાદીત કરેલ છે. |
| (૮) માધવ ચૌધરી | ઉત્તર ગુજરાત ના મહેસાણા જીલ્લાના આંજણાઓના લોકગીત સંપાદિત કરેલ છે.<br>-૧૯૮૩માં લોકગીતમાળાના પ્રથમ મણકામાં જે સંગ્રહાયેલા છે.<br>-“રાતો રે રંગ કેવડો” માં પુનઃ પ્રકાશિત આ ગીતો થયેલા છે.<br>-જેમાં બજાણીયા, રબારી, જાતીના લોકગીતો તેમજ મરશીયા છે. | |
| (૯) ખુશાલ જહાં ૧૯૬૪ થી ૧૯૯૬ના સમય ગાળાના સાત જેટલા લોકગીત સંચયો પ્રાપ્ત થાય છે. | ઉત્તર ગુજરાત ની નાગર જાતીમાં ગવાતા લગ્નગીતોનો સંચય કરેલ છે. | કુલ ૩૨ ગીતો આપેલા છે જે પોતે તેને ગાઇ શકે છે. |
| (૧૦) એલ.ડી.જોશી<br>(૧૯૭૬માં આપેલા લોકગીતો) | વાગડ વિસ્તારના લોકગીતો આપેલા છે જેમાં શૃગારગીતો, સામાજીક ગીતો, ભીલીગીતો, અને મરશિયાઓ સંપાદિત કરેલ છે. | કુલ બધા મળી ૧૫૧ લોક-ગીતો આપ્યા છે. |
| (૧૧) જયંતિલાલ દવે<br>(૧૯૮૬માં આપેલા લોકગીતો)<br>શ્રી કનુભાઇ જાની માર્ગદર્શક | - બનાસકાંઠા વિસ્તારના લોકસંસ્કાર અને લોકવાણી સંદર્ભે ભજન, અરથ, જોડકણાં, મેળાના ગીતો, હડીલા, આરતી વગેરેનો સમાવેશ થાય છે.<br>- મહાભારતના પ્રસંગો<br>- બનાસકાંઠાના ઠાકોરો દિવાળી ઉપર હડીલા ગાય છે. વિરોના પરાક્રમોનું વર્ણન જેમાં હોય છે. જેનો સંચય કરેલો છે. | મહાભારતના પ્રસંગોની છ એક પાંદડીઓ સંપાદીત કરેલી છે. |
| (૧૨) ગૂજરાત વિધાપીઠ, અમદાવાદ.<br>પ્રાચ્ય વિધામંદિરની સ્થાપના | - લોકસાહિત્યના સંશોધન અને સંપાદનની પ્રવૃતિમાં મહત્વનું યોગદાન ગૂજરાત વિધાપીઠનું છે. - - પ્રાચ્ય વિધામંદિરની સ્થાપના થતાં તેનું મુખપત્ર પણ શરૂ કરાયું. | |

| | | |
|---|---|---|
| | રા.વિ.પાઠક અને કાકાસાહેબે જેને પ્રોત્સાહન આપેલું.<br>- ડો. ભગવાનદાસ પટેલ અને ડો. અમૃત પટેલ ઉપર પણ ગુજરાત વિધાપીઠના વિચારોનો જ પ્રભાવ છે. | |
| (૧૩) ડો. ભગવાનદાસ પટેલ<br>૧૯૮૦થી આ ક્ષેત્રમાં પદાપર્ણ કરેલ છે. | - ૧૯૮૩માં 'લીલા મોરીયા' અને 'કુલરાંની લાડી'<br>-૧૯૯૩માં 'ગોર'<br>- ૧૯૯૫માં ભીલોના હગ અને વતાંમણા ભીલોના હોળીગીતો, ધાર્મિકગીતો.<br>- દાંતા, ખેડબ્રહ્મા તાલુકા અને રાજસ્થાનના કોટડા તાલુકાના વસતા ગરાસિયા ભીલ તેમના ઉપાસક બન્યા હતા.<br>નોંધઃ-ડો. ભગવાનદાસના આ ક્ષેત્રે થયેલ શોધ સંશોધન કે સંચય સંદર્ભ હસુ યાજ્ઞિક કહે છે કે ગુજરાતમાં કે ભારતમાં નહી, પરંતુ વિદેશોમાં પણ કોઇ એક સંશોધકે આવુ કાર્ય કર્યુ નથી. | - ૬૭૭ જેટલા લોકગીતો સંપાદિત કરેલ છે.<br>- અઢી દાયકાના કાર્યક્ષેત્ર માં તેમણે ૧૫૦૦ ઓડિયો કેસેટ, ૩૬ વીસીડીઓમાં ભીલીલોડવાડ્મયંનું દસ્તાવેજી કરણ કરેલ છે. |
| (૧૪) ડો.અમૃત પટેલ<br>ગુજરાત વિધાપીઠના કનુભાઇ જાની પાસેથી દીક્ષા મેળવી<br>ઉત્તર ગુજરાત ની સૌથી વધુ શાસ્ત્રીય પધ્ધતિએ લોકગીતો એકત્ર કરવાનું શ્રેય ડો. અમૃત પટેલને મળ્યુ છે. | - ૧૯૮૩થી પોતાના વતન મકતુપુર (ઉંઝા)થી લોકગીતોના સંશોધન સંપાદનની યાત્રા પ્રારંભી.<br>જેમના સંપાદનોમાં<br>- ૧૯૯૨માં કંકુરે વાયુ-૧૪૭ લોકગીતો<br>- ૧૯૯૪માં મેંદી લાલ ગુલાલ-૧૮૦ લોકગીતો<br>- ૧૯૯૫માં મું તો ઢોલે રમુ-૧૧૧ લોકગીતો<br>- ૧૯૯૮માં ઝમરખ દીવડો-૧૮૯ લોકગીતો<br>૨૦૦૧માં આપણો ઉપેક્ષિત વારસો જેમાં ફટાણા, સલોકા, રામગીતો, મરસીયા નો સમાવેશ થાય છે કુલ-૧૨૯ છે. | કુલ ૮૨૫ જેટલા લોકગીતો નું સંપાદન મળે છે. |
| (૧૫) વીરંચદ પરમાર<br>૧૯૮૬થી ભગવાનદાસ ના સમાનધર્મી કહેવાય<br>- તેમને ચુનિભાઇ ચેરીટેબલ ટ્રસ્ટ નો સહયોગ મળેલો છે.<br>- તેઓ આદીવાસી ઢોલના વાદક છે. | - ૨૦૦૧માં દાંતા તાલુકાના સોખલા ગરાસિયા ભીલ જાતીના લોકોના ૨૦૦ જેટલા લોકગીતોને દશ જેટલા સંપાદનોમાં આપ્યા, જેમાં<br>- ગોઠિયા ગોઠણના- ૭૫ ગીતો<br>- ગરાસિયા લોકોત્સવના- ૮૦ ગીતો<br>- હોળીગીતો-૪૬ ગીતો<br>આ લોકગીત સંગ્રહને હસુભાઇ યાજ્ઞિકે મોટામાં મોટા અને પ્રાચીન ગણાવ્યા છે. | બધામળી કુલ ૨૦૦ જેટલા લોકગીતો આપ્યા છે. |
| (૧૬) નવજીભાઇ ડાભી<br>ચુનિભાઇ ચેરીટેબલ ટ્રસ્ટનો સહયોગ મળ્યો હતો. | - ૨૦૦૧માં સોખલા આદિવાસી જાતીના લોકોના ૫૧ જેટલા લગ્નગીતો આપ્યા હતા.<br>- ૨૦૦૫માં સોખલા ગરાસિયાના દિવાળી ગીતો આપ્યા.<br>- સાબરકાંઠા વિસ્તારની શકિતપુજા અને | ૧૪૧ જેટલા લોકગીતો આપ્યા. |

| | | |
|---|---|---|
| | ગરબાનો એક સંચય પણ છે. જેમાં ૫૨-ગરબા, ૨૩-રાસડા આપેલા છે. | |
| (૧૭) અરવિંદભાઇ પટેલ | સાબરકાંઠાની શકિતપુજા અને ગરબા નો એક સંચય મળે છે. | ૫૨-ગરબા<br>૨૩-રાસડા<br>૭૫-કુલ સંચય મળે છે. |
| (૧૮) ડો. પ્રભુદાસ પટેલ | - ૨૦૦૯માં 'અરવલ્લીની લોકસંપદા' નામનો સંગ્રહ મળે છે.<br>-જેમના લોકગીતો ખેવના, પરબ, તાદથ્ય, શબ્દસર જેવા સામયિકોમાં પ્રગટ થઇ ચૂક્યા છે.<br>- સાબરકાંઠાના અભિનવ પ્રવેશદ્વાર સમા આ લોકગીતો છે. | ૨૧-લોકગીતો |

આમ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આરંભાયેલ આ સંશોધન-સંપાદનની પ્રવૃતિ આજે શાસ્ત્રીયતાના કે શ્રધ્ધેયતાના એક નવા પરિમાણમાં પ્રવેશી છે. દોઢ સતાપ્દીના આ ઉપક્રમમાં **૩૨** જેટલા સંપાદકો દ્વારા **૩૧૦૦** જેટલા લોકગીતો ગ્રંથસ્થ થયાં છે.

આ લોકગીતોમાં આદિકાળથી તે આજ સુધીના સંકેતો અસ્મિરૂપે કે પ્રગટરૂપે મળી આવે છે. લોકજીવનને સમજવાની ગુરૂચાવી આ લોકગીતોમાં રહેલી છે. પરંપરાગત ગુજરાતણની છબી કરતાં કંઇક જુદી જ નારી આ લોકગીતોમાં પ્રગટ થાય છે.

ગુજરાતી લોકસાહિત્યના મણકામાં પુષ્કર ચંદરવાકર, પુરૂષોત્તમ સોલંકી અને નિરંજન સરકારનું કામ ઉત્તર ગુજરાતના લોકગીતો સંદર્ભે વિશેષ રૂપે છે. તો વળી જેઠાલાલ ત્રિવેદી, જગદીશ ચાવલા, રાજન પટણી, દિનકરરાવ વોરા, ગોવિંદ રબારી, માણેકલાલ રાવલ, વસંત મેઘાણી, કોકિલાબેન પાઠક, મધુકાન્તા જાની, સવિતા રાણપુરા, મફત રણેલાકર જેવા સંશોધકો-સંપાદકોનો પણ ફાળો આ ક્ષેત્રે સરાહનીય છે.

**લોકગીતો સંદર્ભે વિશેષ મંતવ્યોઃ-**

* આવુ સાહિત્ય સામાજીક સંસ્કાર અને ધાર્મિક અનુષ્ઠાન સાથે સંકળાયેલ છે. અને વિધીવિધાન સાથે ક્રિયાશીલ થઇ પર્વ-પ્રસંગે લોકમુખે અભિવ્યકત થાય છે. આવુ સાહિત્ય વ્યક્તિજીવનને સમાજજીવનમાં ગોઠવવા સહાયક બને છે. જેમાં લોકોને અભિપ્રેત જીવન અને જગતને જાણવાનું દર્શન થાય છે.

* લોકગીતો સમુહમાં લોકોના સામાજીક, ધાર્મિક, તહેવારો કે સાહજીક પ્રવૃતિ સમયે આનંદ માટે ગવાય છે.

* લોકગીતો લોકવાંધ્યો, લોકનૃત્ય ઉપરાંત લોકનાટ્ય સંલગ્ન હોય છે.

* લગ્નવિધિ સાથે જોડાયેલ લગ્નગીતો એક રીતે આપણો સામાજીક-સાંસ્કૃતિક દસ્તાવેજી વારસો છે. આધાર છે. જે સંસ્કાર ગીતોના નામકરણને પામ્યો છે. જેણે સહજ ભાવે શિક્ષણનું કાર્ય કર્યુ છે.

* કાકાસાહેબ કાલેલકરે કહ્યુ છે કે માણસ જેમ જેમ આધુનિક બનતો ગયો તેમ તેમ કુત્રિમ વિવેક અને નિયમોમાં પોતાનું સ્વરૂપ ઢાંકી દે છે. તેમજ કોઇપણ સમાજનું સાચું સ્વરૂપ જોવું હોયતો તેના લોકગીત તરફ જોવું પડે.

* લોકગીતોને ઋતુચક્ર અને જીવનચક્ર-વ્યવહાર સાથે નાતો છે. જેમ કે "ટાણુ હોય ત્યારે જ ગાણું ગવાય" જે માણ્યુ, જાણ્યુ કે વેઠ્યુ તે ગાયુ.

* ઉત્તર ગુજરાતના તમામ વિસ્તારોના સમાજજીવન સાથે હાલરડાં, વ્રતગીતો, લગ્નગીતો, રાસડા, રાદલના ગીતો, ગોરમાના ગીતો, ઉત્સવો-મેળાઓ, ખામણાં, મરસિયા વગેરે વગેરે યથોચિત પ્રસંગોપાત ગવાયા છે.

* ઝવેરચંદ મેઘાણીજીએ કહ્યુ છે કે કોઇપણ સમાજ સંસ્કારનું માપ કાઢવું હોયતો તેના લગ્નસાહિત્યની સામે દષ્ટી કરી લેવી.

* ઉત્તર ગુજરાતના સામાજીક સંદર્ભને રજુ કરતા ગીતોમાં

"વહુ કરે છે મોટા ઘરની વાત જો.... (ડો. અમૃત પટેલ 'મુ તો ઢોલે રમુ'- પુષ્ઠ-૨૧૧)

ખેતી સાથે સંકળાયેલ માનવ સમાજમાં વહેલી સવારે વલોણું વલોવતા, ઘંટીએ દરણું દરતા, છાણ-વાસિદુ કરતા, ખેતરમાં નિદામણ કરતાં કે પાકની વાવણી-લણણી કરતાં કે ઉત્સવો-પર્વ પ્રસંગે ગવાતા લોકગીતો માનવાજીવનને હર્યુભર્યુ, આનંદીત તેમજ તંદુરસ્ત રાખવામાં સહાયભૂત નિવડતા.

* ગુજરાતની સ્ત્રીઓમાં મુખવારીએ ગવાતાં કંઠસ્થ ગીતોનું લોકગીત નામાભિધાન શ્રી રણજીતરાય વાવાભાઇએ ઇ.સ ૧૯૦૫ની પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપ્યુ હતું.

* લોકગીત એ દેશજ પ્રજાનું સમૂહ કર્તવ્યનું પ્રદાનસંઘ જીવનને માટે અર્પિત થયેલું હોવાથી જે તે ગીત સ્વરૂપમાં સરળતા, લાઘવ અને લયબધ્ધતા, દેશજ ઢાળની ગેયતા એ તેનું આગવું લક્ષણ છે.

* લોકગીતોની પ્રચારક પ્રાયઃ નારી છે. અન્ય વાહકોમાં ઢાઢી, મીર, રાવળિયા, ભરથરી, હરિજન, ગુરૂ, ચારણ, બારોટ, નાયક કે સાધુ સંતો છે.

* સાંપ્રતકાળમાં સર્વશ્રી રમેશ પારેખ, મનોજ ખંઢેરિયા, ભાનુપ્રસાદ પંડયા, મનહર ત્રિવેદી વગેરેની ઘણી ગીત રચનાઓમાં ગ્રામ લોકસંસ્કૃતિનો રણકાર સંભળાય છે.

**સંદર્ભ સાહિત્યઃ-**

-'ગુજરાતના લોકગીતો', સંપા-પરમાર ખોડીદાસ, ભા.સાહિત્ય અકાદમી,

- 'લોકસાહિત્ય તત્વ અને તંત્ર', સંપા.અમૃત પટેલ, પાશ્વ પબ્લિકેશન અમદાવાદ, પ્ર.આ-૨૦૧૪
  - ઉત્તર ગુજરાતના લોકગીતો-કનુભાઇ જાની પૃષ્ઠ-૯-૧૯
  - ઉત્તર ગુજરાતના લોકગીતોના સંપાદનો-ડો.પરમ પાઠક-પૃષ્ઠ-૨૦-૩૦
  - ઐતિહાસિક ઘટનાનું લોકગીતમાં રૂપાંતર-ડો.અમૃત પટેલ-પૃષ્ઠ-૪૧ થી ૫૦
  - ભીલી આદિવાસીઓના લોકગીતો-ડો.ભગવાનદાસ પટેલ-પૃષ્ઠ-૫૨ થી ૬૧
  - ઉત્તર ગુજરાતના લગ્નગીતોમાં સાંસ્કૃતિક સંદર્ભ-ડો.ભરત પંડયા-પૃષ્ઠ-૮૫ થી ૯૬
  - ઉત્તર ગુજરાતના જુના લોકગીતોમાં સામાજીક સંદર્ભ-ડો.રાજેશ મકવાણા-પૃષ્ઠ-૯૮ થી ૧૦૪

**************************************************************************

**જશવંતભાઇ એ. નાયક**
લાઇબ્રેરીયન
શ્રીમતિ પી.આર.પટેલ આર્ટસ કોલેજ
પલાસર , પાટણ

Copyright © 2012 - 2016 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat